# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-06-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : SUNDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હિના મોદી વાંચે છે.**

*****************************************************

1) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પોરબંદર બંદરના સંચાલન અને વિકાસ પહેલની સમીક્ષા કરી.
2) રાજ્યભરમાં શાંતિપૂર્ણ માહોલમાં લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા સંપન્ન.
3) મે 2026 સુધીમાં એક કરોડ 43 લાખથી વધુ લોકોએ અમદાવાદ સાયન્સ સિટીની મુલાકાત લીધી.
4) સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં આવતીકાલે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.
5) 19 વર્ષથી ઓછી વયની ભારતીય ક્રિકેટ ટીમમાં બોટાદનાં 15 વર્ષનાં ખેલાડી અવની ચાવડાની પસંદગી.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MANDAVIYA PORBANDAR PORT VISIT

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા સાથે પોરબંદર બંદરની મુલાકાત લઈ તેના સંચાલન અને વિકાસ પહેલની સમીક્ષા કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોઢવાડિયાએ કહ્યું, સદીઓથી દરિયાઈ વારસા પર ઊભું રહેલું આ બંદર રાજ્યને મધ્ય-પૂર્વ, આફ્રિકા અને તેનાથી આગળ પેઢીઓથી જોડતું આવ્યું છે. તે સમગ્ર વર્ષ દરમિયાન વેપાર અને આર્થિક વિકાસનું મહત્વપૂર્ણ પ્રવેશદ્વાર રહ્યું છે. ભવિષ્યને જોતાં આ બંદરને વિશ્વકક્ષાના દરિયાઈ કેન્દ્ર અને રાજ્યની સમૃદ્ધિના પ્રવેશદ્વારમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યું છે.

ઉપરાંત શ્રી માંડવિયા અને શ્રી મોઢવાડિયાએ રોકાણકારો અને અગ્રણી ઉદ્યોગકારો સાથે પોરબંદર જેટ્ટી અને ભરવાડા ખાતે તૈયાર થનારા ફ્રનિચર પાર્કની સ્થળ મુલાકાત લીધી. દરમિયાન તમામ લોકોએ આ પાર્કની અપાર વિકાસક્ષમતાનું મૂલ્યાંકન કર્યું.

ઉલ્લેખનીય છે કે, દેશના સૌથી અદ્યતન ફર્નિચર પાર્ક માટે પોરબંદરની પસંદગી થઈ છે. 100 હેક્ટર જમીન પર આ પાર્ક તૈયાર કરાશે.

# LRD WRITTER EXAM TODAY

રાજ્યની 879 શાળા અને મહાવિદ્યાલયમાં આજે શાંતિપૂર્ણ માહોલમાં લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા યોજાઈ. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, ભાવનગર અને આણંદમાં 12 હજાર 733 જગ્યા માટે લેવાયેલી પરીક્ષામાં બે લાખ 63 હજાર 345 ઉમેદવાર નોંધાયા. તેમાંથી બે લાખ 40 હજાર ઉમેદવારે પરીક્ષા આપી. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા તમામ કેન્દ્ર પર ઉમેદવારો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. પેપર સારું ગયું હોવાથી ઉમેદવારોમાં પણ આનંદની લાગણી જોવા મળી. વડોદરાથી ગાંધીનગર પરીક્ષા આપવા આવેલાં ઉમેદવાર ભૂમિકા પરમારે આ અંગે પ્રતિક્રિયા આપી.

**(BYTE: BHOOMIKA PARMAR, CANDIDATE, LRD EXAM)**

# NVS VBSS CR PAATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે કહ્યું, નવસારીમાં માર્ગ જોડાણ અને હવાઈ જોડાણના અભૂતપૂર્વ કાર્ય પૂર્ણ થયા. તેમજ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના સ્ટોપેજથી સ્થાનિક સ્તરે પરિવહન ક્ષેત્રે નવી ક્રાંતિ આવી છે. તેના કારણે તમામ વૈશ્વિક કક્ષાની સુવિધાઓના કારણે લોકોના સમય અને ઇંધણની બચત થઈ રહી છે. નવસારીમાં વિકસિત ભારત સંકલ્પ સંમેલન તથા નવસારી જિલ્લા વેપાર અને ઉદ્યોગ મહામંડળના પદગ્રહણ સમારોહને સંબોધતાં શ્રી પાટીલે આ વાત કહી. તેમણે મહાત્મા ગાંધીજીના "સવિનય કાનૂન ભંગ"ના ઐતિહાસિક સ્મરણોને તાજા કરતા મહામંડળને કોર્પોરેટ ટૂર ગોઠવવા પણ અપીલ કરી.

"12 વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણ"ના વિષયવસ્તુ હેઠળ યોજાયેલા આ સમારોહમાં મુખ્યવક્તા તરીકે ચંપારણના સાંસદ અને લોકસભાના દંડક ડૉ. સંજય જયસ્વાલ ઉપસ્થિત રહ્યા હતા.

# CR PAATIL NAVSARI

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે પ્રગતિપથ યાત્રા અંતર્ગત પૂર્ણા ટાઈડલ રેગ્યુલેટરી બંધના પ્રગતિ હેઠળ ચાલી રહેલા કામનું નિરીક્ષણ કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પાટીલે કહ્યું, આ મહત્વની પરિયોજના જળસંચય, પૂર નિયંત્રણ તથા કૃષિ વિકાસને નવી દિશા આપશે. ઉપરાંત તેમણે ગુણવત્તાસભર અને સમયબદ્ધ અમલીકરણ દ્વારા લોકહિતના આ કાર્યને વધુ અસરકારક બનાવવા અંગે અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા કરી માર્ગદર્શન પાઠવ્યું.

ઉપરાંત શ્રી પાટીલ એક પેડ માઁ કે નામ અભિયાનના ત્રીજા તબક્કા હેઠળ યોજાયેલા ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણના સંકલ્પ સાથે જોડાયા. ત્યારબાદ તેમણે નવસારી સ્થિત GMERS મેડિકલ કૉલેજની મુલાકાત દરમિયાન સંસ્થાની તબીબી, શૈક્ષણિક અને સંશોધન સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓની માહિતી મેળવી તેમજ ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું.

# AMD SCIENCE CITY VISITORS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનથી બનેલું અમદાવાદનું સાયન્સ સિટી વૈશ્વિક જ્ઞાન અને આધુનિક પ્રગતિનું જીવંત પ્રતિક બની ગયું છે. મે 2026 સુધીમાં અંદાજે એક કરોડ 43 લાખથી વધુ વિજ્ઞાન-પ્રેમીઓએ અને વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીની મુલાકાત લીધી. સાયન્સ સિટી આજે નવી પેઢીમાં વૈજ્ઞાનિક અભિગમ, સંશોધન અને નવીનતા જગાવતું એક શ્રેષ્ઠ માધ્યમ બન્યું છે.**

## (VOICECAST: SHIRALI CHAVDA)

(....અમદાવાદમાં વર્ષ 1999-માં ગુજરાત સાયન્સ સિટીની સ્થાપના કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના કાર્યકાળમાં આધુનિકીકરણ અને વિસ્તરણના પ્રયાસથી આ સંસ્થાની વિકાસયાત્રા વધુ વેગબંતી બની હતી. સત્તાવાર યાદી મુજબ, વિજ્ઞાન અને ટેક્નોલોજીને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાના પ્રધાનમંત્રીના વિઝનના પરિણામે સાયન્સ સિટી નેચર પાર્ક, રોબોટિક્સ, એક્વેટિક, એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલરી, પ્લેનેટ અર્થ, એનર્જી એજ્યુકેશન પાર્ક, મ્યૂઝિકલ ફાઉન્ટેન દ્વારા દેશના અગ્રણી વિજ્ઞાન કેન્દ્રોમાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. એટલું જ નહીં, વિશ્વસ્તરીય સુવિધાઓ સાથે આ કેન્દ્ર આજે જ્ઞાન, નવીનતા અને પ્રગતિનું વૈશ્વિક પ્રતિક બન્યું છે.

શિરાલી ચાવડા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

**DESK**

# 12 YEARS OF CENTRAL GOVERNMENT

રાજ્યભરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના 12 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે "12 વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના" અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રગતિપથ યાત્રા યોજાઈ. આ કાર્યક્રમોની શ્રેણી અંતર્ગત મેઘરજ તાલુકામાં સામુદાયિક આરોગ્ય કેન્દ્ર CHC અને બી.એડ. કૉલેજ ખાતે તથા શામળાજી તાલુકામાં મંદિર પરિસર, શ્યામલ વન અને એકલવ્ય આદર્શ નિવાસી શાળા તેમજ ભિલોડા તાલુકામાં સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે કાર્યક્રમો યોજાયા. આ અંગે જિલ્લા ભાજપ પ્રમુખ ભીખાજી ઠાકોરે વધુ માહિતી આપી...

## (BYTE: BHIKHAJI THAKOR, BJP PRESIDENT ARVALLI)

આવતીકાલે "યાત્રી સુવિધા દિવસ" ઉજવાશે. તે અંતર્ગત રાજકોટ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર વિવિધ કાર્યક્રમ યોજાશે. દરમિયાન રાષ્ટ્રીય ગીત વંદે માતરમ્-નું સમૂહગાન, રક્તદાન શિબિર અને નિઃશુલ્ક આરોગ્ય તપાસ શિબિર પણ યોજાશે. ગત 12 વર્ષમાં રાજકોટ વિમાનમથકમાં મુસાફરોની ક્ષમતા 300થી વધીને બે હજાર 800 સુધી પહોંચી છે. અગાઉ માત્ર બે શહેર સાથે જોડાયેલું રાજકોટ હવે દેશના સાત શહેર સાથે જોડાયેલું છે.

સુરેન્દ્રનગર ખાતે પ્રભારી મંત્રી દર્શના વાઘેલાએ મીડિયા સવાંદને સંબોધતા કહ્યું, વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના 12 વર્ષ દરમ્યાન અનેક યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં આવી છે, 25 કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર લાવવાનું કામ મોદી સરકારે કર્યું છે, કોરોના કાળમાં 81 કરોડ લોકોને નિ:શુલ્ક રાશન અપાયું, આજે ખેડૂતોના ખાતામાં પૈસા જમા થાય છે.

# WEATHER FORECAST

રાજ્યના કેટલાક જિલ્લામાં આગામી સાત દિવસ વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કહ્યું, સૌરાષ્ટ્ર-કચ્છમાં પહેલા ત્રણ દિવસ વરસાદ નહીં પડે. જ્યારે સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં આવતીકાલે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. તેમજ રાજ્યમાં આ વખતે ચોમાસાના આગમનમાં પણ વિલંબ થશે તેમ શ્રી યાદવે ઉમેર્યું.

**(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AHMEDABAD)**

# VLS BLOOD DONOR

આજે 14 જૂનને વિશ્વ રક્તદાતા દિવસ તરીકે મનાવાઈ રહ્યો છે. ત્યારે વલસાડનાં અમિષા શાહે સતત 50 વખત રક્તદાન કરી અનેક લોકોના જીવનમાં અજવાળું પાથર્યું છે. પિતા તરફથી રક્તદાન કરવાની પ્રેરણા મેળવનારાં અમિષા શાહ આજે અન્ય મહિલાઓ માટે પ્રેરણાદાયી બની ગયાં છે. આ અંગે તેમની પ્રતિક્રિયા સાંભળીએ.

**(BYTE: AMISHA SHAH, BLOOD DONOR)**

# BOTAD PLAYER SELECTION

બોટાદનાં 15 વર્ષનાં ખેલાડી અવની ચાવડાની 19 વર્ષથી ઓછી વયની ભારતીય ક્રિકેટ ટીમમાં પસંદગી થઈ છે. સાથે જ તેઓ આ સિદ્ધિ મેળવનારાં સૌરાષ્ટ્રનાં પહેલાં મહિલા ક્રિકેટર બન્યાં છે. આગામી 22 જૂને શ્રીલંકામાં રમાનારી મેચમાં તેઓ ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરશે. આ અંગે ખેલાડી અવની ચાવડાની પ્રતિક્રિયા સાંભળીએ.

(BYTE: AVANI CHAVDA, CRICKETER, BOTAD)

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ પણ આ ખેલાડીનું સન્માન કર્યું. તેમજ બોટાદ જિલ્લા ક્રિકેટ સંગઠન, સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન અને કોચ કિરણ સોલંકીએ ખેલાડીને શુભેચ્છાઓ પાઠવી હતી.

# REV WOMEN T20 WORLD CUP

ICC મહિલા ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ભારત પાકિસ્તાન સાથે મેચ રમીને પોતાના અભિયાનનો પ્રારંભ કરશે. ગ્રુપ એ-ની આ મેચ બર્મિંઘમના એજબેસ્ટનમાં હમણાં સાડા સાત વાગ્યે શરૂ થશે. ભારતીય ટીમ હરમનપ્રિત કૌર અને પાકિસ્તાનની ટીમ ફાતિમા સનાની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે. હાલમાં મળતાં અહેવાલ મુજબ ભારતીય ટીમે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે.

ઉલ્લેખનીય છે કે, મહિલા ટી-20 આંતર-રાષ્ટ્રીય મેચમાં ભારત અત્યાર સુધી પાકિસ્તાનને 16માંથી 13 મેચમાં હરાવી ચૂક્યું છે.